દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

બુધવાર ૭ ઓક્ટોબર, ૨૦૨૬

# ભારત અને અમેરિકા વચ્ચે પૂર્ણ કક્ષાનો વેપાર કરાર થઇ શકશે ખરો?

ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી વેપાર કરાર માટે વાટાઘાટો ચાલી રહી છે પરંતુ હાલમાં ફરીથી એવા સંકેતો મળી રહ્યા છે કે ફરી મડાગાંઠ સર્જાઇ છે, વાટાઘાટો અટકી પડી છે અને નજીકના ભવિષ્યમાં વેપાર કરાર થઇ શકે તેમ નથી. બંને દેશોના અધિકારીઓએ જણાવ્યું છે કે આખરી કરાર નજીકના ભવિષ્યમાં થવાની શક્યતા નથી. યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ(USTR) જેમીસન ગ્રીઅરે પુષ્ટિ કરી હતી કે ચાલુ વાટાઘાટો છતાં અમેરિકા વેપાર કરારને તાત્કાલિક આખરી ઓપ આપવા માટે તૈયાર નથી. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું છે કે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર મંત્રણાઓ ચાલે છે પરંતુ આ વાટાઘાટો હવે એવા તબક્કે પહોંચી છે કે જ્યાં વધુ છૂટછાટો હવે અશક્ય છે. નવી દિલ્હીમાં મ્યુનિક લીડર્સ મીટિંગમાં બોલતા, સીતારામને આ કરાર, જે હજુ આખરી ઓપ આપવાનો બાકી છે, તેને કઠિન ગણાવ્યો હતો. જો કે સાથે જ કહ્યું હતું કે "વાટાઘાટો હજુ પણ ચાલુ છે. જો કે અમને લાગે છે કે બંને પક્ષો એક એવા તબક્કે પહોંચ્યા છે જેનાથી આગળ કંઈ આપવું કે લેવું ખૂબ જ મુશ્કેલ બની શકે છે, એ મુજબ તેમણે કહ્યું હતું. સાથે જ તેમણે ઉમેર્યું હતું કે બંને પક્ષો વાટાઘાટો માટે બાકી રહેલી કોઈ પણ શક્યતા ચકાસી શકે છે. સીતારામને કહ્યું કે વેપાર સંતુલન ભારતની તરફેણમાં છે અને વોશિંગ્ટન તેની ખાધ ઘટાડવા માંગે છે. તેમના મૂલ્યાંકન મુજબ, અમેરિકા અગાઉનાં વર્ષોમાં થયેલા નુકસાનને સરભર કરવા માટે છૂટછાટો માંગી રહ્યું હતું અને સ્વાભાવિક રીતે ભારત આ પ્રકારની છૂટછાટો આપવા બહુ ઉત્સુક નહીં જ હોય.

આમ તો પૂર્ણ કક્ષાના વેપાર કરાર પહેલાં વચગાળાનો વેપાર કરાર કરવા બંને દેશો સહમત થયા હતા. બંને દેશો વચ્ચે તે અગાઉ પણ ઘણી મડાગાંઠ સર્જાઇ હતી. ત્યાર બાદ આ વર્ષે ફેબ્રુઆરીમાં વચગાળાના વેપાર કરારની જાહેરાત કરાઇ અને પછી તેમાં આગળ વધવા વાટાઘાટો શરૂ કરાઇ. બંને દેશો વચ્ચે વાટાઘાટોના અનેક રાઉન્ડ યોજાઇ ચૂક્યા છે. આ વાટાઘાટો ફેબ્રુઆરી 2026માં જાહેર કરાયેલ વચગાળાના વેપાર કરારના માળખાને અનુસરે છે. ફેબ્રુઆરી 7ના રોજ ભારતના વાણિજ્ય મંત્રાલય દ્વારા પ્રકાશિત સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને દેશો વ્યાપક દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો ચાલુ રાખીને તે સમજૂતીને આખરી ઓપ આપવાની દિશામાં કામ કરશે. તે વાટાઘાટો 13 ફેબ્રુઆરી, 2025ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા શરૂ કરાવવામાં આવી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ફોન પર થયેલી વાતચીત બાદ, વચગાળાના વેપાર કરારના માળખા પર કામ કરવા માટે ભારતીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે ઓક્ટોબર ૨૦૨૬ના પ્રારંભ સુધી યુનાઇટેડ સ્ટેટ્સમાં બેઠકો યોજી હતી. બંને દેશો વચ્ચે અધિકારી કક્ષાના પણ મંત્રણાના અનેક રાઉન્ડ યોજાઇ ચૂક્યા છે છતાં હજી કોઇ નક્કર પરિણામ આવતું નથી. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે ભારત આ કરારને પોતાના રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને ઓપ આપવાનો પ્રયાસ કરી રહ્યું છે અને અમેરિકામાં, ખાસ કરીને ટ્રમ્પ તંત્ર અમેરિકી હિતોના નામે અમુક સખત શરતો મૂકી રહેલું જણાય છે.

ભારત અમેરિકા કરારની આડે આવતી કેટલીક બાબતોમાં એક મુખ્ય વિવાદિત મુદ્દો ભારત દ્વારા રશિયન તેલની સતત ખરીદી છે. ભારત પોતાના રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને રશિયાથી સસ્તું ઓઇલ ખરીદે છે અને અમેરિકા આને યુક્રેન યુદ્ધમાં મદદ કરનાર પરિબળ તરીકે જુએ છે. અમેરિકા યુરોપિયન દેશો અને ભારત માટે જુદા જુદા માપદંડો રાખે છે તેની સામે પણ ભારતનો વિરોધ છે. પ્રમુખ ટ્રમ્પે એક કાયદા (લિન્ડસે ઓ. ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઇરાન એક્ટ ઓફ ૨૦૨૬) પર હસ્તાક્ષર કર્યા છે, જે મોટી માત્રામાં રશિયન તેલ ખરીદતા દેશો પર ૧૦૦% સુધીનો ટેરિફ (જકાત) લાદવાની મંજૂરી આપે છે, જેનાથી નવી દિલ્હીની ઊર્જા અને વેપાર નીતિ પર દબાણ ઊભું થયું છે અને આ બાબત વેપાર કરારમાં પણ નડી રહી છે. આ ઉપરાંત ટેરિફ અને માર્કેટ એક્સેસ અંગેના વિવાદો પણ છે. ફેબ્રુઆરી ૨૦૨૬માં બંને પક્ષોએ વચગાળાના વેપાર માળખાની જાહેરાત કરી હોવા છતાં, ત્યાર બાદ અમેરિકા દ્વારા કરાયેલા ટેરિફ એડજસ્ટમેન્ટ, સેક્શન ૩૦૧ હેઠળની તપાસ અને દ્વિપક્ષીય વેપાર ખાધને સંતુલિત કરવાની ચર્ચાને કારણે કરારના અમલીકરણની ગતિ ધીમી પડી છે. હવે આ બધી બાબતો અને હાલનો ઘટનાક્રમ જોતાં એવી શંકા ઊભી થઇ રહી છે કે ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર કરાર ખરેખર અમલી બની શકશે? જ્યાં સુધી ટ્રમ્પ છે ત્યાં સુધી તો અનિશ્ચિતતા જ રહેશે એમ લાગે છે.

# સેટેલાઈટ તરતો મૂકવો સહેલો છે પણ ઘરે શુદ્ધ પાણી પહોંચાડવાનું અઘરું

પાણી જીવનની સૌથી મૂળભૂત જરૂરિયાત છે. પૃથ્વી પર પાણીનો જથ્થો અઢળક છે, પરંતુ પીવા અને માનવ વપરાશ માટે યોગ્ય મીઠું પાણી મર્યાદિત છે. વરસાદનું પાણી નદી કે તળાવમાં સંગ્રહાય ત્યારે તેની ગુણવત્તામાં ફેરફાર થાય છે, જ્યારે ઝાડનાં મૂળ અને છિદ્રાળુ જમીનમાંથી પસાર થઈ આ પાણી ભૂગર્ભમાં પહોંચે છે ત્યારે માટીના બંધારણમાં રહેલા સોડિયમ, મેગ્નેશિયમ, પોટેશિયમ, આયર્ન અને કેલ્શિયમ જેવા ખનિજ ક્ષારો તેમાં ભળે છે. આ ક્ષારો નરી આંખે દેખાતા નથી, પરંતુ પાણીના સ્વાદથી તેમનું અસ્તિત્વ અનુભવાય છે. શરીર પોતાની રીતે આવા પાણી સાથે તાલમેળ સાધવાનો પ્રયાસ કરે છે. કિડની લોહીમાંથી વધારાના ક્ષારોને અલગ કરી પેશાબ દ્વારા બહાર કાઢવાનું કામ કરે છે. પરંતુ પાણીમાં ક્ષારોનું પ્રમાણ વધારે હોય ત્યારે કિડની પર વધારાનો બોજ પડે છે અને લાંબા ગાળે શરીર પર તેની વિપરીત અસર થઈ શકે છે. ખાસ કરીને ફ્લોરાઈડ અને નાઈટ્રેટ જેવા તત્ત્વોની વધુ માત્રા આરોગ્ય માટે ચિંતાજનક બની શકે છે. સમગ્ર અર્થતંત્ર અને સમાજનું અસ્તિત્વ પાણી સાથે જોડાયેલું છે.

ગુજરાતની સ્થિતિ આ સંદર્ભે વધુ ગંભીર છે. રાજ્યનો આશરે 1600 કિલોમીટર લાંબો દરિયાકાંઠો છે. અનેક વિસ્તારોમાં દરિયાઈ ખારાશ ભૂગર્ભજળ સુધી પહોંચી રહી છે. દર ત્રીજા વર્ષે ઓછા વરસાદની સ્થિતિ સર્જાતી હોવાને કારણે પાણીની સમસ્યા વધુ તીવ્ર બને છે. ખાસ કરીને એપ્રિલથી જૂન સુધીના નેવું દિવસ ગામડાં અને શહેરો બંને માટે પાણીની કસોટી બની રહે છે. ગ્રામ વિસ્તારોમાં પાણી માટે ઝઘડા, ચોરી અને સંઘર્ષની ઘટનાઓ સામે આવે છે. આ સ્થિતિમાં નદી-તળાવના કાંઠે બોર કરી ભૂગર્ભજળ મેળવવાના પ્રયાસો થાય છે, પરંતુ ભૂગર્ભજળનું સ્તર સતત નીચે જઈ રહ્યું છે.

સવાલ એ છે કે ભૂગર્ભજળને સતત ઉલેચીને આપણે કેટલો સમય ટકી શકીશું? ધરતીના પેટાળને પાણીના અનંત ભંડાર તરીકે જોવાની માનસિકતા હવે બદલવી પડશે. ભૂગર્ભજળના અતિશય શોષણને બદલે આપણી નજર દરિયાના અઢળક ખારા પાણી તરફ વાળવાનો સમય આવી ગયો છે.

પૃથ્વી પરના કુલ પાણીમાંથી પીવાલાયક મીઠા પાણીનો હિસ્સો અત્યંત ઓછો છે. બીજી તરફ દરિયાના પાણીનો જથ્થો વિશાળ છે. તેથી મીઠા પાણીની શોધમાં ભૂગર્ભજળને વધુ ને વધુ ઊંડું ઉલેચવા કરતાં ખારા પાણીને મીઠું કરવાની ટેકનોલોજી પર વધુ ભાર મૂકવો સમયની માગ છે.

આ દિશામાં ઈલેક્ટ્રોડાયાલિસિસ મેમ્બ્રેઈન જેવી ડી-સેલિનેશન પદ્ધતિ ઉપયોગી બની શકે છે. આ પદ્ધતિમાં મેમ્બ્રેઈન દ્વારા પાણીમાં રહેલા ધન અને ઋણ ક્ષારોને અલગ કરવામાં આવે છે. સોડિયમ અને કેલ્શિયમ જેવા ધન ક્ષારો તેમજ ક્લોરાઈડ અને સલ્ફેટ જેવા ઋણ ક્ષારોને વીજપ્રવાહની મદદથી પાણીમાંથી અલગ કરી બહાર કાઢી શકાય છે. પરિણામે ખારા પાણીને પીવા અને ઉપયોગમાં લેવા યોગ્ય બનાવી શકાય છે. આ ટેકનોલોજીની ખાસિયત એ છે કે નાના પાયે પણ તેનો ઉપયોગ શક્ય બને તો ગામડાં, સોસાયટીઓ, દૂધ મંડળીઓ અને ગ્રામ પંચાયતો માટે તે ઉપયોગી સાબિત થઈ શકે. એકમની સ્થાપનામાં શરૂઆતનું રોકાણ જરૂરી છે, પરંતુ સામૂહિક રીતે ખર્ચ વહેંચવામાં આવે તો આ પ્રકારના પ્લાન્ટનો લાભ અનેક પરિવારોને મળી શકે. સોલાર પેનલ અથવા જનરેટર સાથે તેને જોડવાથી વીજળીની અછત ધરાવતા વિસ્તારોમાં પણ તેનો ઉપયોગ શક્ય બની શકે. આવી ટેકનોલોજી માત્ર પાણીની સમસ્યાનો ઉકેલ નથી, પરંતુ રોજગારીનું સાધન પણ બની શકે છે. યુવકો બેંક લોન અથવા સરકારી સહાયથી નાના ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપી પાણી ઉત્પાદન અને વિતરણનો વ્યવસાય શરૂ કરી શકે. જો આ ટેકનોલોજીનો ઉપયોગ ડ્રિપ ઈરિગેશન સાથે કરવામાં આવે તો ખારાશવાળા વિસ્તારોમાં યોગ્ય વનસ્પતિ અને ખેતીના વિકલ્પો પણ વિકસાવી શકાય. વિશ્વના અનેક દેશો

## અવારનવાર

ડો.નાનક ભટ્ટ

**મીઠા પાણીની શોધમાં ભૂગર્ભજળને વધુ ને વધુ ઊંડું ઉલેચવા કરતાં ખારા પાણીને મીઠું કરવાની ટેકનોલોજી પર વધુ ભાર મૂકવો સમયની માગ છે**

દરિયાના પાણીને મીઠું બનાવી તેનો ઉપયોગ કરી રહ્યા છે. ઈઝરાયલ, નેધરલેન્ડ અને મધ્યપૂર્વના દેશોમાં ડી-સેલિનેશનનો વ્યાપક ઉપયોગ થાય છે. ભારતમાં પણ જામનગર જેવા વિસ્તારોમાં દરિયાના પાણીને મીઠું કરવાની વ્યવસ્થા વિકસાવવામાં આવી છે. એટલે ટેકનોલોજી આપણી પહોંચની બહાર નથી; જરૂર છે તેને વધુ સસ્તી, સરળ અને ગ્રામ્ય વિસ્તારો માટે ઉપયોગી બનાવવાની. પાણીજન્ય રોગોનો પ્રશ્ન પણ એટલો જ ગંભીર છે. અસુરક્ષિત પાણીથી કોલેરા, કમળો અને ટાઈફોઈડ જેવા રોગો ફેલાય છે. બીજી તરફ ભૂગર્ભજળમાં ફ્લોરાઈડની વધુ માત્રા હોય તેવા વિસ્તારોમાં ફ્લોરોસિસ જેવી સમસ્યા જોવા મળે છે. એટલે માત્ર પાણી ઉપલબ્ધ કરાવવું પૂરતું નથી; શુદ્ધ અને સુરક્ષિત પાણી પહોંચાડવું પણ એટલું જ જરૂરી છે. ૧૯૬૦ના દાયકામાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ જ્હોન એફ. કેનેડીએ વિજ્ઞાન અને રાષ્ટ્રીય વિકાસની વાત કરતાં શુદ્ધ પાણીની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. ભારતરત્ન ડૉ. એ.પી. જે. અબ્દુલ કલામે પણ અમદાવાદમાં કહ્યું હતું કે અવકાશમાં સેટેલાઇટ મોકલવો સહેલો છે, પરંતુ ઘરે-ઘરે શુદ્ધ પાણી પહોંચાડવું વધુ કપરું કામ છે. આ બંને વિચારો આજે પણ એટલા જ પ્રસ્તુત છે. ગુજરાત માટે હવે પાણીની નીતિમાં મૂળભૂત ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. વરસાદી પાણીના સંગ્રહ, ભૂગર્ભજળના સંરક્ષણ અને નદી-તળાવોના પુનર્જીવન સાથે દરિયાના ખારા પાણીને મીઠું બનાવવાની ટેકનોલોજીને પણ પાણીના કાયમી વિકલ્પ તરીકે સ્વીકારવી પડશે. સેન્ટ્રલ સોલ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ભાભા એટમિક રિસર્ચ સેન્ટર અને અન્ય સંશોધન સંસ્થાઓએ વધુ સસ્તી અને ઊર્જા-કાર્યક્ષમ ડી-સેલિનેશન ટેકનોલોજી વિકસાવવા આગળ આવવું જોઈએ. મીઠા પાણીની શોધમાં ધરતીના પેટાળને ખાલી કરતાં રહેવા કરતાં દરિયાના ખારા પાણીનો ઉપયોગ શીખવો વધુ સમજદારીભર્યો માર્ગ છે. પાણીની અછત સામે લડવાનું ભવિષ્ય માત્ર વરસાદ પર આધારિત રહી શકે નહીં. ખારું પાણી જ જ્યારે સૌથી મોટા જથ્થામાં ઉપલબ્ધ છે, ત્યારે તેને પીવા અને વાપરવાયોગ્ય બનાવવાની દિશામાં ગંભીરતાથી આગળ વધવું પડશે. આવું થશે તો 'ઘર ઘર જળ, દર ઘર નળ' માત્ર સૂત્ર નહીં રહે, પરંતુ ગુજરાતના દરેક ઘરની વાસ્તવિકતા બની શકશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## જાપાની કહેવત



આરવે કંઇક નવું કરવાનું વિચાર્યું અને પોતાના દાદા પાસે ગયો.દાદા અનુભવી અને દુનિયાભરનું સાહિત્ય વાંચેલા જાણકાર. તેમણે લાંબીલચક સલાહો ન આપી, માત્ર એટલું જ કહ્યું, ''એક જાપાની કહેવત છે તે હંમેશા યાદ રાખજે જેનો અર્થ છે 'સાત વાર પડો, આઠ વાર ઊઠો' તારા અંગ્રેજીમાં કહું તો 'Fall seven times, stand up eight.'' આરવે કહ્યું, ''દાદા એનો અર્થ શું? હું શું કામ સાત વાર પડું?'' દાદા હસ્યા અને કહ્યું, 'બેટા, આ જાપાની કહેવત પાછળ પણ એક જીવન અનુભવ છે જે દરેક નવી શરૂઆત કરનારાએ જાણવો જોઈએ અને યાદ રાખવો જોઈએ. ચલ, હું તને આ કહેવત સમજાવવા એક કિસ્સો કહું.'' દાદાજીએ વાત શરૂ કરી. એક તારા જેવા ઉત્સાહથી થનગનતા યુવાને નવો વેપાર શરૂ કર્યો.પહેલા પ્રયત્નમાં તે નિષ્ફળ ગયો. થોડી ખોટ પણ ગઈ અને લોકોએ હાંસી પણ ઉડાડી. યુવાન હિંમત ન હાર્યો. તેણે બીજી વાર વેપાર શરૂ કરવાનો પ્રયત્ન કર્યો અને આ વખતે પણ તે નિષ્ફળ ગયો.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

લોકો હસ્યાં તો ખરાં જ, વળી અનેક સલાહો પણ આપવા લાગ્યાં. યુવાને તો બધું સાંભળી લીધું અને ત્રીજી વાર શરૂઆત કરી અને નસીબજોગે ત્રીજી વાર પણ નિષ્ફળતા મળી. હવે તો લોકો સીધી સંભળાવા લાગ્યા કે ''ભાઈ, બસ કર. હવે તો સમજદાર બન અને વેપાર છોડ. કોઈ નોકરી પકડ.'' ચોથી વાર પ્રયત્ન શરૂ કર્યો પણ પરિણામ શૂન્ય. આ વખતે તેણે પોતે પણ વિચાર્યું કે 'કદાચ લોકો સાચા છે હું વેપાર નહિ જ કરી શકું.'' છતાં તેણે પ્રયત્નો ચાલુ જ રાખ્યા પણ સફળતા મળતી જ ન હતી. યુવાન એક વૃદ્ધ વેપારીને મળ્યો કહ્યું, ''હું વેપાર કરવાનું શરૂ કરું છું પણ નસીબ સાથ નથી આપતું. હંમેશા નિષ્ફળ જાઉં છું.'' વૃદ્ધ વેપારીએ પૂછ્યું, ''તું કેટલી વાર પડ્યો?'' યુવાને કહ્યું, ''એટલે?'' વૃદ્ધ વેપારી બોલ્યા, ''એટલે કે વેપારમાં કેટલી વાર નિષ્ફળ ગયો?'' યુવાને ધીમેથી કહ્યું, ''સાત વાર.'' વૃદ્ધ વેપારીએ તરત બીજો સવાલ કર્યો, ''તું ઊભો કેટલી વાર થયો?'' યુવાન ચૂપ રહ્યો. વૃદ્ધ વેપારીએ કહ્યું, ''યુવાન દોસ્ત, તું સાત વાર પડ્યો એ તારી વાર્તાનો અંત નથી. તું સાતમી વાર પછી આઠમી વાર ઊભો થયો કે નહીં–એ જ તારી જીવન વાર્તાનો નિર્ણય કરશે.'' યુવાને ફરી શરૂઆત કરી. આઠમી વખત પણ તરત સફળતા ન મળી.પણ તે હિંમત ન હાર્યો. દરેક નિષ્ફળતામાંથી શીખવા લાગ્યો અને ફરી ઊઠવા મક્કમ રહ્યો. કેટલાંક વર્ષો પછી તેનો વ્યવસાય સફળ થયો. લોકોએ કહ્યું, ''નસીબ ખૂલ્યું.'' યુવાન હસીને બોલ્યો, ''નસીબની ખબર નહીં.પણ મેં પડવાનું બંધ કર્યું નહીં એટલે ....' દાદાની વાત સાંભળી આરવ તરત બોલ્યો, '' દાદા હું સમજી ગયો. ગમે તે થાય, હું પ્રયત્નો નહિ છોડું,ફરી ફરી પ્રયત્નો કરતો જ રહીશ.'

# ફ્લાયદુબઈ પર હુમલો: આ કાવતરા પાછળ કોણ છે?

દુબઈથી તેલ અવીવ જતી ફ્લાયદુબઈની ફ્લાઈટ એફઝેડ1073ના પાઈલટ કેપ્ટન સ્મિત મચ્છારને તેમની બહાદુરી માટે વૈશ્વિક સ્તરે બિરદાવવામાં આવી રહ્યા છે. તેમના સહ-પાઈલટે વિમાનને ક્રેશ કરવાના ઈરાદાથી તેમના પર છરી વડે હુમલો કર્યો હતો, જેની સામે લડીને તેમણે વિમાનને મોટી દુર્ઘટનામાંથી બચાવી લીધું હતું. કેપ્ટન મચ્છારનું સૌથી મહત્ત્વપૂર્ણ પગલું એ હતું કે અનેક ઘા વાગ્યા છતાં તેમણે હુમલાખોર સહ-પાઈલટ સામે વળતી લડત આપી. તેમણે એલાર્મ વગાડતી વખતે કોકપિટનો બંધ દરવાજો ખોલ્યો. જ્યારે વિમાન માત્ર સેકન્ડોમાં આશરે 14,000 ફૂટ નીચે પટકાયું હતું, તે જ સમયે કેટલાક મુસાફરોએ કંઈક અસામાન્ય કર્યું. સંભવતઃ કોકપિટમાં ચાલી રહેલો હોબાળો સાંભળીને તેઓ હસ્તક્ષેપ કરવા માટે ફ્લાઈટ ડેક તરફ આગળ વધ્યાં. મચ્છારે દરવાજો ખોલતાં જ તેઓ કોકપિટમાં ઘૂસી ગયાં અને હુમલાખોર સહ-પાઈલટને કાબૂમાં લેવામાં મદદ કરી. કેટલાંક મુસાફરો અને ક્રૂ દ્વારા સહ-પાઈલટના હાથ હેડફોનના કેબલ સહિત હાથમાં આવેલી કોઈ પણ ચીજવસ્તુથી બાંધીને તેને કાબૂમાં લેવામાં આવ્યો હતો.

દરમિયાન, એક મુસાફર, જે વ્યવસાયે ડેન્ટિસ્ટ હતા, તેમણે ગંભીર રીતે ઘાયલ થયેલા મચ્છારની સારવાર કરી. અન્ય એક મુસાફર, જે વ્યવસાયે પ્લમ્બર છે, તેવા યાનિવ હાયૌને વિમાનનો આગળનો ભાગ નીચે તરફ નમેલો હતો ત્યારે થોડા સમય માટે વિમાનનાં નિયંત્રણો પોતાના હાથમાં લીધાં. હાયૌને ક્યારેય વિમાન ઉડાડ્યું ન હતું, પરંતુ તેણે એર ક્રેશ ઈન્વેસ્ટિગેશન પરની એક લોકપ્રિય ટેલિવિઝન સિરીઝ જોઈ હતી. તેણે દેખીતી રીતે બે કામ કર્યાં. તેણે કો-પાઈલટને કોકપિટમાંથી બહાર ધકેલી દીધો અને યોક (સ્ટિયરિંગ વ્હીલ જેવું ઉપકરણ) ઉપર ખેંચ્યું. કારણ કે વિમાન એટલા જોરથી નીચે તરફ ગોથાં મારી રહ્યું હતું અને વિમાનના પાછળના ભાગેથી રડર ફાટી ગયું હતું. કેટલાક અહેવાલો મુજબ, તેણે વિમાનને ત્યાં સુધી સમતલ કર્યું જ્યાં સુધી વિમાનમાં હાજર અન્ય પાઈલટો હસ્તક્ષેપ કરી શકે અને નિયંત્રણ સંભાળી શકે.

તે કેવળ નસીબની વાત હતી કે ફ્લાયદુબઈના બે પાઈલટો ઓફ-ડ્યુટી અથવા રિલીફ ફ્લાઈટ ક્રૂ તરીકે વિમાનમાં હાજર હતા. ઓફ-ડ્યુટી પાઈલટો મુસાફરો તરીકે મુસાફરી કરે છે, કારણ કે તેઓ પાછળથી કોઈ ફ્લાઈટનું સંચાલન કરવા માટે નિર્ધારિત હોય છે. તેમણે સાઉદી અરેબિયાના તબુક એરપોર્ટ પર વિમાનને સુરક્ષિત રીતે લેન્ડ કર્યું. જો વિમાનમાં પાઈલટોનો બીજો સમૂહ ન હોત તો પરિણામ સંભવતઃ વિનાશક હોત.

ફ્લાઈટ એફઝેડ1073 પર શું બન્યું તેની ઘણી વિગતો હજી પણ અસ્પષ્ટ છે. સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) સરકાર ફ્લાયદુબઈની માલિકી ધરાવે છે. તપાસકર્તાઓ હુમલાખોરના હેતુઓની તપાસ કરી રહ્યા છે, જેમાં તે કોઈ દેશ કે સશસ્ત્ર જૂથ સાથે જોડાયેલો હતો કે કેમ તેની પણ તપાસ સામેલ છે. તેમણે સહ-પાઈલટની ઓળખ ઓમાની નાગરિક હમામ અલ-હમ્મામી તરીકે કરી છે. તેણે ક્રેશ કુહાડી (વિમાનમાં ઈમરજન્સી સ્થિતિમાં રાખવામાં આવતી કુહાડી) વડે મચ્છાર પર હુમલો કર્યો હતો.

## ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

**સહ-પાઈલટે એટલી ઝડપથી કાર્યવાહી કરવાની યોજના બનાવી હતી કે ફાઈટર જેટ્સ પાસે વિમાનને અટકાવવા માટે કોઈ સમય ન રહે**

પ્રશ્ન એ છે કે ઇઝરાયેલી ગુપ્તચર સંસ્થા આ સહ-પાઈલટને ઓળખવામાં કેવી રીતે નિષ્ફળ ગઈ? ગુપ્તચર એજન્સી મોસાદે તેની અવગણના કેમ કરી? ખાડી દેશોથી ઈઝરાયેલ જતાં વિમાનો માટે કડક નિયમો લાગુ છે. ફ્લાયદુબઈ સાથેના કરાર હેઠળ, ઈઝરાયેલ ઉડાન ભરતા પાઈલટો એવા દેશોના નાગરિક હોવા જોઈએ, જેની સાથે ઈઝરાયેલના ડિપ્લોમેટિક સંબંધો છે. ઓમાન અને ઈઝરાયેલના આવા કોઈ સંબંધો નથી; તો પછી ઓમાની સહ-પાઈલટ વિમાન કેવી રીતે ઉડાવી શક્યો? મોસાદ આવા તમામ ક્રૂની કડક તપાસ કરે છે. જ્યારે ફ્લાઈટે દુબઈથી ઉડાન ભરી ત્યારે તેઓએ સ્પષ્ટ થવું જોઈતું હતું કે સહ-પાઈલટ ઉડાન ભરી શકે નહીં. બેદરકારી ક્યાં થઈ? તે કેવી રીતે થયું? સત્ય જલદી બહાર આવવું જોઈએ.

29 વર્ષીય અલ-હમ્મામીએ તેનો ઘણો સમય સીરિયામાં વિતાવ્યો હતો, જ્યાં તે કથિત રીતે આતંકવાદી વિચારોથી પ્રભાવિત થયો હતો. તેનો જન્મ યુએઈમાં ઓમાની પિતા અને સીરિયન માતાને ત્યાં થયો હતો. ઓમાને અલ-હમ્મામીના આતંકવાદી વિચારોના કારણે તેને ઉડાન ભરવા પર પ્રતિબંધ મૂક્યો હતો. ઈઝરાયેલમાં સહ-પાઈલટના ઈરાદાઓ વિશે બહુ ઓછી શંકા છે. ઈઝરાયેલી ગુપ્તચર અહેવાલને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે અલ-હમ્મામીએ પહેલા કેપ્ટનને મારવાની અને પછી ફ્લાઈટનું નિયંત્રણ સંભાળીને તેને તેલ અવીવ તરફ દોરી જવાની યોજના બનાવી હતી, જ્યાં તે શહેરની ગગનચુંબી ઈમારતો સાથે અથડાવીને ક્રેશ કરી દેત. અહેવાલમાં ઉમેરવામાં આવ્યું છે કે તેણે એટલી ઝડપથી કાર્યવાહી કરવાની યોજના બનાવી હતી કે ફાઈટર જેટ્સ પાસે વિમાનને અટકાવવા માટે કોઈ સમય ન હોય કે સત્તાવાળાઓ પાસે વાટાઘાટો શરૂ કરવાનો સમય ન હોય.

ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ દાવો કર્યો છે કે સહ-પાઈલટ 'ઈસ્લામિક કટ્ટરપંથી વિચારધારાથી પ્રભાવિત' હતો અને જણાવ્યું હતું કે ઈઝરાયેલી તપાસકર્તાઓને સોશ્યલ મીડિયા એકાઉન્ટ્સ પરથી પુરાવા મળ્યા છે કે તે યહૂદીઓને મારવા માંગતો હતો. આતંકવાદના નિષ્ણાતોનું કહેવું છે કે આવા હુમલામાં સામેલ થઈ શકે તેવું સૌથી સ્પષ્ટ જૂથ યમન સ્થિત અલ-કાયદા ઈન ધ અરેબિયન પેનિન્સુલા (એક્યુએપી) હશે. વિમાનોને નીચે પાડવાના પ્રયાસોનો તેનો ઈતિહાસ રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે એક્યુએપીએ તાજેતરમાં આંતરરાષ્ટ્રીય સ્તરે હિંસા ફેલાવવા અથવા પ્રેરણા આપવા માટે પ્રયાસ કર્યો હતો.

તેણે ફ્લાયદુબઈ વિમાનના અપહરણના નિષ્ફળ પ્રયાસ પર ટિપ્પણી કરતું એક સાપ્તાહિક પ્રકાશન 'અલ-બયાન'માં તંત્રીલેખ બહાર પાડ્યો છે. આ જૂથે આ ઘટનામાં સામેલ ઓમાની સહ-પાઈલટની પ્રશંસા કરી છે અને યુએસ અને ઈઝરાયેલી એરલાઈન્સને નિશાન બનાવતા સમાન હુમલાઓને પ્રોત્સાહન આપ્યું છે.

આનાથી એવિએશન સુરક્ષા માટે અનેક સવાલો ઊભા થાય છે. પાઈલટની સ્ક્રીનિંગ (તપાસ) વિશે પણ સવાલો છે. આ એરલાઈન્સ માટે ખર્ચાળ હોઈ શકે છે અને જો માનસિક બીમારી અથવા આતંકવાદી વિચારોને ઉજાગર કરતી ટેસ્ટમાં પાઈલટ નિષ્ફળ જાય તો એરલાઈન્સને પૂરતા પાઈલોટો ન મળે. પાઈલટો એવા રૂટ્સ પર ઉડાન ભરવામાં અનિચ્છા અનુભવી શકે છે, જ્યાં તેઓ વધુ તપાસમાંથી પસાર થાય છે અને કેટલાક પાઈલટ ઉડાન ભરવાથી રોકાઈ જવાના (ગ્રાઉન્ડ થવાના) ડરથી શારીરિક અથવા માનસિક સમસ્યાઓ છુપાવી શકે છે.

આ ઘટનાથી ઈઝરાયેલમાં સુરક્ષાની ચિંતાઓ વધી ગઈ છે. કારણ કે 7 ઓક્ટોબર, 2023ના રોજ હમાસ દ્વારા થયેલા ઘાતક હુમલાને (જેનાથી ગાઝા યુદ્ધ શરૂ થયું હતું) ત્રણ વર્ષ પૂરાં થવા જઈ રહ્યાં છે અને આ મહિનાના અંતમાં સામાન્ય ચૂંટણી પણ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## શેરબજારમાં અસ્થિરતા અને આર્થિક પડકારો

ભારતીય શેરબજારમાં તાજેતરમાં જોવા મળેલી ભારે અસ્થિરતા અને ઘટાડાને કારણે નાનાં રોકાણકારો તથા સામાન્ય નાગરિકોમાં ચિંતા જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં શેરબજાર, નિયમિત રોકાણ યોજનાઓ અને સામુહિક રોકાણ યોજનાઓમાં નાણાં રોકનારાઓએ ઉતાવળમાં કોઈ નિર્ણય ન લેવો જોઈએ. શેરબજારમાં ઘટાડા પાછળ એક જ કારણ જવાબદાર હોતું નથી. આંતરરાષ્ટ્રીય બજારોની સ્થિતિ, વિદેશી મૂડીનો પ્રવાહ, વ્યાજદર, કંપનીઓની આવક, ચલણના વિનિમય દરો તેમજ વૈશ્વિક રાજકીય અને આર્થિક પરિસ્થિતિ જેવા અનેક પરિબળો બજારને અસર કરે છે. તેથી રોકાણકારોએ પોતાની જોખમ લેવાની ક્ષમતા, નાણાંકીય લક્ષ્યો અને લાંબા ગાળાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને જ નિર્ણય લેવો જરૂરી છે. બીજી તરફ, મોંઘવારી વધવાની શક્યતા વચ્ચે સામાન્ય પરિવારો માટે આવક અને ખર્ચનું યોગ્ય આયોજન પણ જરૂરી બની જાય છે. બિનજરૂરી ખર્ચ ટાળવો, જરૂરી બચત જાળવી રાખવી અને અણધારી પરિસ્થિતિ માટે નાણાંકીય સુરક્ષા ઊભી કરવી જોઈએ. મધ્યપૂર્વના સંઘર્ષો, ખાતર ઉત્પાદન અને પુરવઠા પર પડતી અસર તથા અલ નીનો જેવી કુદરતી પરિસ્થિતિઓ કૃષિ ઉત્પાદન અને ખાદ્ય ચીજવસ્તુઓના ભાવને અસર કરી શકે છે. આથી નાગરિકોએ સામાજિક માધ્યમો પર ફરતી અફવાઓ કે અચકાસેલી માહિતીના આધારે નાણાંકીય નિર્ણય ન લેવો જોઈએ. આરબીઆઈ, સેબી, સરકારના સત્તાવાર અહેવાલો તથા વિશ્વસનીય આર્થિક સ્રોતોનો આધાર લેવો જોઈએ. જાગૃત રહો, માહિતી ચકાસો અને હંમેશાં સાવચેતીપૂર્વક અને સમજદારીથી નિર્ણય લો.

સુરત - આશિષ ટેલર

## બત્રીસ પકવાનનો મુખ્ય રસ એટલે મીઠું

ગાંધીજીએ ત્રણ વાંદરાના પ્રતીક દ્વારા આખી દુનિયાને બોધપાઠ આપ્યો. દક્ષિણ આફ્રિકામાં રંગભેદ અને અન્યાયનો સામનો કર્યા બાદ તેમણે સત્યાગ્રહનો માર્ગ અપનાવ્યો અને ભારતમાં અંગ્રેજ શાસન સામે જનજાગૃતિ ઊભી કરી. ગોપાલકૃષ્ણ ગોખલેને રાજકીય ગુરુ માની તેમણે ભારતભરમાં પ્રવાસ કરી નાગરિકોની સ્થિતિ સમજી. મીઠા પરના કર સામે તેમણે અમદાવાદથી દાંડી સુધી 386 કિ.મી.ની ઐતિહાસિક પદયાત્રા કરી અને અંગ્રેજ સરકાર સામે અહિંસક વિરોધનો માર્ગ બતાવ્યો. આજે ગાંધીની ભૂમિ ગુજરાતમાં પાણી, વીજળી, સફાઈ, ઘર અને રસ્તા જેવા વિવિધ વેરા ભર્યા છતાં નાગરિકોને સુવિધાઓ અંગે પ્રશ્નો ઊભા થાય છે. આવી સ્થિતિમાં લોકશાહીમાં નાગરિકોને સવાલ પૂછવાનો અને વિરોધ નોંધાવવાનો અધિકાર છે. ખેડૂત કે અન્ય નાગરિક પોતાની માંગણી રજૂ કરે ત્યારે તેને રાજકીય દૃષ્ટિએ જોવાને બદલે તેની સમસ્યા સાંભળવી જરૂરી છે. વિરોધ પક્ષનું કામ પણ સરકારની ભૂલો અને નીતિઓ પર સવાલ ઉઠાવી સુધારાની માંગ કરવાનું છે. યુવાનો પોતાની યોગ્ય માંગણીઓ માટે અવાજ ઉઠાવે ત્યારે તેમની વાત સાંભળવી લોકશાહીની તંદુરસ્ત પરંપરા છે. સત્યાગ્રહની વિચારધારા ભારતની ઓળખ છે અને ગાંધીજીના આ વારસાને નમન. સત્તા કોઈની પણ હોય, પારદર્શક વહીવટ, જવાબદારી અને જનહિતને હંમેશાં પ્રાથમિકતા મળવી જોઈએ. આ જ લોકશાહી.

સુરત - હરીશકુમાર ચૌધરી

## લોહીલુહાણ પાયલોટનું અદ્ભૂત પરાક્રમ

વિમાનની કોકપિટમાં સહપાયલોટે મુખ્ય પાયલોટ પર ચાકુથી હુમલો કરી તેને લોહીલુહાણ કરી વિમાનને ક્રેશ કરવાની કોશિશ આરંભી. સહપાયલોટે સિસ્ટમ સાથે છેડછાડ કરી વિમાનનો વિનાશ કરવાના પ્રયાસો આરંભ્યા. મુખ્ય પાયલોટ સ્મિત મછ્છર સમજી ગયા કે કોકપિટ અને મુસાફરો વચ્ચેનો દરવાજો બંધ રહેશે તો તેઓ બચશે નહીં. ત્યાર બાદ લોહીલુહાણ હાલતમાં અદ્ભુત હિંમત બતાવી દરવાજો ખોલી નાખતાં મુસાફરો અને ક્રૂના સભ્યો કોકપિટમાં ધસી આવી હુમલાખોર પાયલોટને બહાર ખેંચી ગયા. ત્યાં બીજા મુસાફરો તેના પર તૂટી પડ્યા. એકે હેડફોનના વાયરથી ઝપટાઈને તેને બાંધી દીધો. વિમાન હજી ઊંચાઈ ગુમાવી રહ્યું હતું ત્યારે ચમત્કાર થયો. પ્રવાસીઓમાં અન્ય પાયલોટો હાજર હતા. તેમણે કોકપિટનો કબજો લઈ વિમાનને ઈઝરાયેલ તરફ ન લઈ જતાં સાઉદી અરેબિયાના તબુક એરપોર્ટ તરફ વાળી ત્યાં સૌને સહીસલામત ઉતાર્યા. ત્યારે આતંકવાદીઓનું એક મોટું કાવતરું નિષ્ફળ ગયું.

વ્યારા - પ્રકાશ સી. શાહ

## વૃદ્ધાશ્રમોની સંખ્યા ઓછી થવી જોઇએ

વૃદ્ધાશ્રમ એવા વરિષ્ઠ માતા-પિતા માટે જરૂરી છે કે જેમનું કોઈ જ પુત્ર કે પુત્રી નથી. તેમના જીવનના અંતિમ તબક્કામાં તેમના જેવા અન્ય સાથીઓની જરૂરિયાત સ્વાભાવિક છે. પરંતુ આધુનિક યુગમાં સાધનસંપન્ન યુવા વર્ગ તેમના ઘરડાં માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં મૂકવા આવે છે, તે ખૂબ જ દુઃખદાયક અને પીડા ઉપજાવે એવી કડવી હકીકત છે. આજનો શિક્ષિત યુવા વર્ગ માતા-પિતાને ઘરમાં પડેલા નિષ્ક્રિય સામાન જેવું જુએ છે. વ્યક્તિની ગેરહાજરીમાં જ તેની કિંમત થાય છે. એમ માતા-પિતાની હયાતી હોતી નથી ત્યારે તમારા જીવનમાં તમે શું અમૂલ્ય વ્યક્તિઓ ગુમાવી તેનો અહેસાસ થાય છે. આજની યુવા પેઢી જાગૃત થાય અને મા-બાપની હયાતીમાં જ તેમનું મૂલ્ય સમજે અને તેમની સેવા કરીને પોતાની જવાબદારી અને ફરજો નિષ્ઠાપૂર્વક નિભાવે, જેથી મા-બાપની હયાતી ન હોય ત્યારે બેજવાબદારી અને લાગણીશૂન્યતાનું અસીમ દુઃખ અને અફસોસ નહીં થાય. તમે જો શ્રવણ જેવા પુત્ર નહીં બની શકો, પણ સુપુત્ર તો બની જ શકો છો!

સુરત - રાજુ રાવલ

## સુરતીઓ વર્ષમાં બે વાર ધાબે ચડે છે

મૂળ સુરતીઓ વર્ષમાં બે વાર ધાબે ચડે છે. પ્રથમ શ્રાદ્ધ પક્ષમાં તથા બીજું ઉતરાણમાં. શ્રાદ્ધ એટલે માતા-પિતા અને પૂર્વજોના ઉપકારો અને કાર્યોનું સ્મરણ કરી તેમના પ્રત્યે વ્યક્તિ ભાવ કરવાનો મહાપર્વ પૂર્વજોને દેવતુલ્યમાંથી તેમના પ્રત્યે પૂજ્યભાવ દાખવવો એ શ્રાદ્ધ ક્રિયાનો મુખ્ય ઉદ્દેશ છે. આ પ્રસંગે ધાબે ચડીને ઘરમાં બનાવેલી રસોઈના કાગવાસ નાખવો પડે છે.હવે ઉતરાણ વિશે જોઈએ તો એ દિવસે આકાશ નીચે બાળક અને સજા પર સીટીઝન એક જ જાય છે. કોઈના હાથમાં પતંગ, કોઈના હાથમાં ફીરકીને કોઈના હાથમાં 'કાય પો' ના બુંલદ અવાજે બાજુ વગડે છે.

સુરત - મહેશ આઈ. ડોક્ટર

## લગ્ન: મિલન કે સોનાનું પ્રદર્શન?

આજના સમયમાં સોનાના ભાવ આસમાને પહોંચ્યા છે, છતાં પણ 'સમાજ શું કહેશે?' અને 'રિવાજ છે એટલે આપવું પડે' એવા આભાસી ડર હેઠળ દીકરીનો બાપ વ્યાજે પૈસા લાવીને પણ લગ્નમાં સોનું આપવા મજબૂર બને છે. અહીં કોઈ ખુલ્લેઆમ માંગણી નથી કરતું, પરંતુ સામાજિક દબાણ અને દેખાડાની આ માનસિકતા જ દીકરીના પરિવારનું આર્થિક શોષણ કરે છે. સમાજને શું છે...? એ તો ચાર દિવસ વાતો કરીને ભૂલી જશે, પણ એ પરિવાર આખી જિંદગી દેવાના બોજ હેઠળ દબાયેલો રહેશે. સોનું સુખી લગ્નજીવનની ગેરંટી નથી. સુખી સંસાર પ્રેમ, વિશ્વાસ અને સમજણથી બને છે. તેથી બદલાવ બંને તરફથી આવવો જોઈએ–વરપક્ષે સામેથી સોનું ન લેવાની પહેલ કરવી જોઈએ અને કન્યાપક્ષે પણ ખોટા દેખાડા અને સામાજિક દબાણનો ત્યાગ કરવો જોઈએ. લગ્ન બે પરિવારોનું મિલન છે, સોનાના દેખાડાની સ્પર્ધા નહીં. દીકરીને સોનાના ભાર સાથે નહીં, સન્માન, પ્રેમ અને સુરક્ષિત ભવિષ્ય સાથે વિદાય આપવી જોઈએ.

મોરબી - નિરાલી ઠોરિયા